ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૪૯ ટકા

# શહેરમાં છેલ્લા દિવસોમાં પતંગ બજાર ધમધમ્યુ

## આ વર્ષે પતંગના ભાવમાં ફેરફાર નથી : કોરોના ભૂલી શહેરીજનો પતંગ બજારની મુલાકાતે






ગાંધીનગર, તા.૧૨

ઉત્તરાયણના તહેવારને હવે એક જ દિવસની વાર છે ત્યારે શહેરીજનો શહેરના પતંગબજારની મુલાકાત લઈ રહ્યા છે. સેકટરોમાં અને ન્યુ ગાંધીનગર વિસ્તાર આ તમામ જગ્યાએ પતંગ-દોરીના સ્ટોલ લાગ્યા છે. કોરોના દરમિયાન તહેવારોની ઉજવણી પર સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો પરંતુ ત્યારબાદનો આ પ્રથમ તહેવાર છે કે જેની ઉજવણી કરવા માટે સરકાર દ્વારા મંજુરી આપવામાં આવી છે ત્યારે શહેરના પતંગ બજારમાં પતંગ અને દોરી ખરીદવા માટે ઘરાકી વધી રહી છે. શહેરીજનો સંક્રાંતિને લઈને ઉત્સાહિત જોવા મળી રહ્યા છે. શહેરના વિવિધ પતંગ માર્કેટમાં દોરી પીવડાવવા માટેના ચરખા કાર્યરત છે જયાં અલગ અલગ બ્રાન્ડની દોરીની રીલ પણ વેચાઈ રહી છે. શહેરીજનો પણ સારામાં સારી દોરીથી એકબીજાના પેચ કાપવા માટે તૈયાર થઈ રહ્યા છે. કોણ કઈ દોરી ખરીદી પેચ કાપશે તે માટે ઓનલાઈન વાતો થઈ રહી છે. બાળકોની ખુશીનો પાર નથી. છૂટથી પતંગ ચઢાવવા મળશે તેની ખુશી સાથે બોર, જામફળ, શેરડી પણ ખાવા મળશે. આ ઉપરાંત કોરોનાને કારણે સૂંઠની ચીક્કીનું ચલણ વધ્યું છે ત્યારે શહેરીજનો પતંગ દોરી સાથે સૂંઠની ચીક્કી ખાઈ ઉત્તરાયણ ઉજવવાના છે.

શહેરમાં એકે ૫૬, ગેંડા, સાંકળ-૮, ડબલ સાંકળ, ચોવીસ કેરેટ, બરેલી બ્રાન્ડની દોરી અને તેની ફીરકી વેચાણમાં છે. જયાં ૨૦૦ રૂપિયાથી લઈ ૧૨૦૦ રૂપિયા સુધીની ફીરકીનો વાર મુજબ ભાવ નક્કી કરાયો છે. પતંગમાં પણ આ વર્ષે પ્લેન ચીલ ખાસ વેચાઈ રહ્યા છે જે વિવિધ કલર સાથે શહેરમાં ઉપલબ્ધ છે. સફેદ ચીલ ૬૦ રૂપિયા કોડી, કલર ચીલ ૭૦ રૂપિયા, ખંભાતી સફેદ ચીલ ૭૫ રૂપિયા અને ખંભાતી કલર ચીલ ૮૦ રૂ. કોડી એમ વેચાઈ રહી છે. પતંગના વેપારીઓના જણાવ્યા અનુસાર પતંગની ઘરાકીમાં ગત વર્ષ કરતા વધારો નોંધાયો છે.



મિનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટના ચેરમેન નિશિત વ્યાસ અને મહાનગરપાલિકાના કોંગ્રેસ પક્ષના કોર્પોરટરો દ્વારા શહેરના શ્રમજીવી પરિવારના બાળકોને ઉત્તરાયણ નિમિત્તે પતંગનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## પતિ, સાસુ-સસરા સામે પરિણિતાની શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ

પેથાપુર ગામની પરિણિતાએ પતિ, સાસુ-સસરા સમક્ષ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. પેથાપુર રાઠોડ વાસમાં રહેતા મિનાક્ષીબેન બિપિનચંદ્ર રાઠોડના લગ્ન બિપિનચંદ્ર સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેઓએ એક દિકરો છે. તેઓ પતિ, સાસુ રામી બેન તેમજ સસરા મગનભાઈ ડાહ્યાભાઈ રાઠોડ સાથે રહે છે. ફરીયાદમાં થયેલા આક્ષેપ મુજબ ૧૦ જાન્યુઆરીના રોજ ગીઝરનો બાટલો પુરો થઈ જતા મિનાક્ષી બેને પતિને કહ્યું. જે મુદ્દે પતિએ માતાને પુછતા માતાએ ગરમ પાણી જ આવતુ હોવાનું કહ્યું હતું. જેથી મહિલાને ઠંડા પાણીને સ્નાન કરવુ પડ્યું હતું. જેને પગલે ઝઘડા થતા સાસુએ ૧૮૧ હેલ્પલાઈન પર ફોન કરીને તમામને પોલીસ મથકે લાવ્યા હતા. જયા મહિલાએ સાસુ-સસરા નાની નાની વાતમાં બોલાચાલી કરી ઝઘડો કરે છે. મહિલાના દાવા પ્રમાણે લગ્નના બે માસ પછી સારા દિવસો જતા હોય તે સમયે ટેસ્ટ કરાવવા મહિલાને થાઈરોઈડ આવ્યો હતો. જેથી સાસુએ થાઈરોઈડવાળાને છોકરા તો મંદબુધ્ધિ આવતા હોય છે તેવા મેણા ટોણા મારવાનું શરુ કર્યું હતું. પતિ મિરઝાપુર કોર્ટમાં કલાર્ક તરીકે નોકરી કરી રહ્યો છે. જે સાંજે ઘરે આવતા સાસુ-સસરાની ચઢામણી કરતા હોવાનો મહિલાનો આક્ષેપ છે. જેથી પતિએ ત્રણથી ચાર વાર ગડદાપાટુનો માર હોવાનો મહિલાએ આક્ષેપ કર્યો છે. અઢી વર્ષ પહેલા મહિલા રીસામણે પિયરમાં બેઠા હતા. જેને પગલે માતા-પિતા સંસાર ન બગડે તે માટે સમજાવીને સાસરીમાં મોકલ્યા હતા. ત્યારે છેલ્લા એક વર્ષથી પરત ફરેલા મહિલાને પતિ, સાસુ અને સસરા સમયાંતરે રાખવી નથી કહીને મેણાટોણા મારે છે. બાળકને કપડા કે કંઈ વસ્તુ નવી લઈ આપવા અંગે પણ તેઓ બોલાચાલી કરતા હોવાનો મહિલાનો દાવો છે. પોલીસે સમગ્ર મુદ્દે મહિલાની ફરીયાદને પગલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સમસ્ત ખડાયતા સમાજ દ્વારા યોજાતો ઊંધિયા ઉજાણી કાર્યક્રમ મોકુફ

ગાંધીનગર, તા.૧૨

સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત, ગાંધીનગરના મંત્રી વિપુલ આર. ગાંધી દ્વારા જણાવાયું છે કે, કારોબારી મીટીંગમાં વિગતે ચર્ચા થયા પછી સર્વાનુમતે કોવિડ-૧૯ની પરિસ્થિતિને કારણે સરકારની ગાઈડલાઈન મુજબ ફેબ્રુઆરી માસમાં થતો 'ઊંધિયા-ઉજાણી'નો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વર્ષ ૧૯-૨૦ના શૈક્ષણિક નામો અને ૭૦ વર્ષ પૂર્ણ કરતા વડીલોના સન્માન કાર્યક્રમ માટે ભવિષ્યમાં નક્કી થયા બાદ સકયુલર બહાર પાડી જણાવવામાં આવશે. ઉપરાંત સંસ્થાના વોટસઅપ ગૃપ પર પણ માહિતી મુકાશે.

## સે-૨૯ના વંદેમાતરમ પાર્ક-૨ના રહીશોનું સેવાકાર્ય

પવિત્ર ધર્નુમાસ અને મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે જીવદયાના હેતુસર શહેરના સેકટર-૨૯માં વંદેમાતરમ પાર્ક-૨ સોસાયટીના વસાહતીઓ દ્વારા આપસમાં ધર્માદા ફંડ ઉઘરાવીને દર વર્ષની જેમ આ વર્ષે પણ ગાય-કૂતરાં માટે લાડુ બનાવવાનો ઉપક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ ફંડમાંથી જે નાણાં વધ્યા તેમાંથી સોસાયટીના આંગણે પંખીઓને કિલકિલાટ ગૂંજતો રહે તે હેતુસર બનાવાયેલા ચબુતરામાં પંખીઓ માટે નાંખવાના ચણની આખા વર્ષ માટેની વ્યવસ્થા કરી દેવામાં આવી હતી.



## રોટરી કલબ ઓફ કેપિટલની મુલાકાતે રોટરી ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિકટના હોદેદારો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા તેમની પૈતૃક સંસ્થા રોટરી ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિકટ ૩૦૫૪ના ગવર્નર રાજેશ અગ્રવાલ તથા આસીસ્ટન્ટ ગવર્નર પ્રદીપ રસ્તોગીની મુલાકાતને અનુલક્ષીને કુડાસણ ખાતે સેવન વન્ડર હોટલમાં અભિવાદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રોટરી કલબ ઓફ કેપિટલના સચિવ તથા સંસ્થાના મુખપત્રના તંત્રી હસમુખ મેકવાન દ્વારા તૈયાર કરવામાં આવેલ ન્યુઝ બુલેટીન 'પાથ ફાઈન્ડર'નું વિમોચન મહેમાનોના હસ્તે કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ ઈલાબેન વોરા દ્વારા કલબની પ્રવૃત્તિઓ તથા ભાવિ કાર્યક્રમોના આયોજન અંગે પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું.




કાર્યક્રમમાં ઉપસ્થિત રાજેશ અગ્રવાલે સંસ્થાની કામગીરીના વિવિધ પાસાંઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે બંને મહેમાનોએ સંસ્થાની કામગીરીને બિરદાવી હતી. કાર્યક્રમમાં ચાર્ટર પ્રેસિડેન્ટ જગતભાઈ કારાણી ઉપરાંત અરવિંદભાઈ રાણા, અમીબેન શાહ, જયશ્રીબેન ખેતીયા સહિત તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થા દ્વારા બંને મહેમાનોનું સન્માન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હસમુખ મેકવાન દ્વારા કરવામાં આવ્યું હતું.

## શનિવારે સે-૨૧ ખાતે નિઃશુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા ડૉ. નિધિ ફિઝીયોવર્લ્ડના સંયુકત ઉપક્રમે આગામી તા. ૧૬મી જાન્યુઆરી શનિવારે સવારે ૯.૩૦ થી સાંજના ૫.૩૦ કલાક દરમિયાન એક દિવસીય નિઃશુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ સેકટર-૨માં બેંક ઓફ બરોડાની પાછળ, રાધે સ્વીટ માર્ટની બાજુમાં એડવાન્સ ફિઝીયોથેરાપીસ્ટ સ્પોર્ટસ ઈન્જરી અને રી-હેબીલેશન સેન્ટર ખાતે યોજાશે.

## સાદરા પાસે ઈકો કાર અને રીક્ષા વચ્ચે અકસ્માત : બે મહિલાને ઈજા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા સાદરા ગામ પાસે ઈકો કાર અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં રીક્ષામાં સવાર બે મહિલાને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. રીક્ષા ચાલકે ઈકો કારના ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સાદરા ગામે રહેતો અને રીક્ષા ચલાવતો ઈમરાનખાન ખાટકી પોતાની રીક્ષામાં ગામના શાંતાબેન અમથાજી ઠાકોર અને ઈશાબેન ખેમચંદ વાઘેલાને મુસાફર તરીકે બેસાડી ચિલોડા તરફ જવા માટે નીકળ્યો હતો. રીક્ષા વિસત રેસીડેન્સી પાસે પહોંચી હતી તે સમયે ઈકો કારના ચલાકે અન્ય ઈકો કારની ઓવરટેક કરવા જતા રીક્ષાને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં રીક્ષામાં સવાર શાંતબેનને જમણા હાથે, ખભે, તેમજ ઈશાબેનને જમણા હાથે ઈજા થઈ હતી. જેથી બંનેને ખાનગી વાહનમાં સાદરા સરકારી દવાખાને લઈ ગયા હતા.ત્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવારઅર્થે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા.રીક્ષા ચાલકે જી.જે.૧૮.બી,જે.૯૪૩૭ ના ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ફરાર ઈકો ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## મેયર દ્વારા જરૂરતમંદ પરિવારના બાળકોને પતંગ વિતરણ




ઉતરાયણ પર્વની પૂર્વ સંધ્યાએ મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા વિવિધ સ્થળોએ પહોંચીને જરૂરતમંદ પરિવારના બાળકોને પતંગનું વિતરણ કરવામાં આવ્યું હતું. મેયરશ્રી દ્વારા સેક્ટર-૧૯માં સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમ ખાતે રહેતા બાળકોને પતંગો આપ્યા હતાં. બાદમાં ચરેડી છાપરા અને આદિવાડા વિસ્તારમાં શ્રમજીવીઓના બાળકોને પતંગ વિતરણ કર્યુ તે સમયે કોર્પોરેટરશ્રી હર્ષાબા ધાધલ પણ તેમની સાથે ઉપસ્થિત રહ્યા હતાં.

## ચૌધરી સ્કૂલમાં સ્વામી વિવેકાનંદ જન્મજયંતિની ઓનલાઈન ઉજવણી

ગાંધીનગર, તા.૧૨

જે.એમ.ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય દ્વારા સ્વામી વિવેકાનંદના વિચારોને બાળકો સુધી પહોંચાડવા ઓનલાઈન વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો-૬ થી ૮ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અને સ્વામી વિવેકાનંદના વિચારોને અપનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શીતલબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## એક વડલા માટે અન્ડરબ્રીજનો પ્લાન બદલાતો હોય તો, સે-૨૨ના સેંકડો વૃક્ષો કેમ ના બચાવાય?

### મેયરને અભિનંદન સાથે પ્રકૃતિ રક્ષા અભિયાને વડલાની આડમાં સેંકડો વૃક્ષોને કાપી નાંખવાનો કારસો રચાયો હોવાની શંકા સાથે વૃક્ષો બચાવવા ઉપવાસ આંદોલનની ચિમકી ઉચ્ચારી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેકટર-૨૨ ખાતે આંતરિક માર્ગ પહોળો કરવા માટે આશરે ત્રણસો જેટલાં વૃક્ષોનું નિકંદન કાઢવાનું તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે જે સામે પ્રકૃતિ પ્રેમીઓનો રોષ ફાટી નીકળ્યો છે. આ સાથે ગ માર્ગ પર ગ-૪ નજીક અન્ડરબ્રીજ બનાવવા માટે પણ કેટલાંક વૃક્ષોની કટૌતી કરવાનું નક્કી કરાયું છે. જેમાં ગ-૪ પાસેના ઘેઘુર વડલાનો સમાવેશ થતાં પ્રકૃતિપ્રેમીઓએ સોશિયલ મિડીયા પર ખુબ વિરોધ નોંધાવ્યો હતો જેને અનુલક્ષીને રવિવારે મેયર રીટાબેન પટેલ દ્વારા અન્ડરબ્રીજના પ્લાનમાં ફેરફાર કરીને હવે વડલો કાપવામાં નહી આવે તેવી જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાતને અનુલક્ષીને શહેરમાં વૃક્ષોના નિકંદન સામે વિરોધ પ્રદર્શન કરી રહેલા પ્રકૃતિ રક્ષા અભિયાન દ્વારા આવકારવા સાથે અન્ય વૃક્ષો માટે પણ મેયર દ્વારા આ પ્રકારનો જ અભિગમ દાખવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

પ્રકૃતિ રક્ષા અભિયાન દ્વારા આજે અખબારી યાદીમાં જણાવાયું છે કે ગ-૪નો ઘેઘુર વડલો નહીં કાપવાનો જે નિર્ણય કરવામાં આવ્યો છે તે માટે મેયરને અભિનંદન પાઠવીએ છીએ પરંતુ જો એક વડલા માટે અન્ડરબ્રીજના પ્લાનમાં ફેરફાર થઈ શકતો હોય તો સેકટરના આંતરીક માર્ગો પર જે સંકડો વૃક્ષોનું છેદન કરવાનું નિર્ધારિત કરાયું છે તેના નિર્માણાધિન પ્લાનમાં પણ ફેરફાર કરીને સેંકડો વૃક્ષોને પણ બચાવી શકાય છે તે માટે મેયર સકારાત્મક નિર્ણય ના લઈ શકે? આ સાથે પ્રકૃતિ રક્ષા અભિયાન દ્વારા ચિમકી ઉચ્ચારવામાં આવી છે કે જો ગ-૪નો વડલો બચાવ્યાની આડમાં ખોટો જશ ખાટીને બાકીના વૃક્ષોનું નિકંદન નહીં અટકાવાય તો અભિયાન દ્વારા ઉપવાસ આંદોલન સહિતના આકરા પગલાં લેવાની ફરજ પડશે. શહેરમાં એક સાથે આટલી મોટી સંખ્યામાં વર્ષો જુના ઘટાદાર વૃક્ષોનું છેદન કરીને કરેલો વિકાસ એ આવનારી પેઢી માટે વિનાશક સાબિત થશે તેવું જણાવતા અભિયાન દ્વારા ગ-૪ના વડલાની આડમાં સેંકડો વૃક્ષોને કાપી નાંખવાનો કારસો રચાયો હોવાની શંકા વ્યકત કરવામાં આવી છે.

## બિહોલા રાજપૂત સમાજના સ્નેહમિલનમાં તેજસ્વી વિદ્યાર્થીઓ-દાતાઓનું સન્માન કરાયું




ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામે વસુબા રજુસિંહજી બિહોલા રાજપૂત સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ તથા વિશિષ્ટ યોગદાન આપનાર મહાનુભાવો, દાતાઓ વગેરેનું સન્માન કરવામાં આવ્યું હતું.

બિહોલા રાજપૂત સમાજના સ્નેહ મિલન સમારોહમાં અધ્યક્ષપદે એડવોકેટ પૃથ્વીસિંહ બિહોલા તથા મુખ્ય મહેમાનપદે કડાદરાના સરપંચ કિરીટસિંહ બિહોલા ઉપસ્થિત રહ્યા હતા તેમજ અતિથિ વિશેષ પદે ગુજરાત રાજપૂત સમાજના ઉપપ્રમુખ છત્રસિંહ બિહોલા, ઈસનપુર મોટાના ભરતસિંહ બી. બિહોલા, નિવૃત્ત મામલતદાર ભરતસિંહ પી. બિહોલા, મહિપતસિંહ બિહોલા, તાલુકા સદસ્ય જયોતિકાબા બિહોલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપી સમાજના દાતાઓને શાલ ઓઢાડીને તથા કદાડરાના વિસાજી મોતીજી બિહોલાને વિશિષ્ટ સેવા ગૌરવ સન્માનપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં પ્રેરણા વિદ્યાલયના પ્રદિપસિંહ બિહોલાએ સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવા ટકોર કરી હતી. જયારે સમારંભના અધ્યક્ષ પી.પી. બિહોલાએ વેવિશાળ સંબધ માટે અને સમાજના પ્રમુખ જીલુસિંહ બિહોલાએ સંગઠન સેવા માટે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના સમાપને આગામી સ્નેહમિલન અમદાવાદ જિલ્લાના ભાવડા મુકામે યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગાંધીનગરના જાણીતા એડવોકેટ દિલીપસિંહ એ. બિહોલાએ કર્યુ હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ પુરૂષોત્તમભાઈ શાંતિલાલ, ઉ.વ. ૭૧, લવારપુર, તા. ગાંધીનગર
- સ્વ. દેવાજી ખોડાજી ડાભી, ઉ.વ. ૭૯, સેકટર-૪, ગાંધીનગર
- સ્વ. સોલંકી ઉષાબેન નાગરભાઈ, ઉ.વ. ૫૩, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. ગુણવંતીબેન, ઉ.વ. ૫૫, ડભોડા, તા. ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. શંકરલાલ અમથાલાલ શ્રીમાળી, ઉ.વ. ૭૬, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. પ્રફુલચંદ્ર કેશવલાલ આડેસરા, ઉ.વ. ૮૬, સેકટર-૨, ગાંધીનગર